પત્રિકા ૧૨૦

# ચિરાગે હિદાયત

૧૮/૦૮/૧૭ ૨૫ ઝિલ્કાદ

## મોઅમીનની હુરમત

કુરઆન અને હદીસ, આયત અને રિવાયત જે મોઅમીનના સિલસિલામાં મળે છે તેનાથી એ માલુમ થાય છે કે મોઅમીનની હુરમત બાબતે અલ્લાહતઆલાએ સૌથી મોટો હક રાખ્યો છે અને આ સિલસિલામાં સૌથી વધારે એહતેમામ કર્યો છે. મોઅમીનની બેઈઝ્ઝતી કરવી અને તેને ઝલીલ કરવો શરીઅતની નિગાહમાં ગુનાહે કબીરા છે.

એક મોઅમીનનો એહતેરામ ખુદાવંદે આલમની નઝદીક તમામ કાબીલે એહતેરામ ચીઝોથી વધારે મોહતરમ છે અને તેની બેઈઝ્ઝતી વધારે મોટો ગુનોહ છે. એક મોઅમીનની બેઈઝ્ઝતી તેનું ખૂન વહાવવા બરાબર છે એટલા માટે એહતેરામે મોઅમીન અને હુરમતે મોઅમીનને પરવરદિગારે આલમે પોતાની ઝાતથી વાબસ્તા કરી છે. અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે કે, ''**અલ્લાહો વલીયુલ લઝીન આમનુ**'' એટલે કે ''ખુદા તે લોકોનો વલી છે જે લોકો ઈમાન લાવ્યા.'' *– સૂરએ બકરહ, આયત નં.૨૫૭*

* *બેહતરીન મખ્લુક :* ''**ઈન્નલ્લઝીન આમનુ વ અમેલુસ્સાલેહાતે ઉલાએક હુમ ખયરૂલ બરીયા**'' એટલે કે ''બેશક જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કરતા રહ્યા તે લોકો બહેતરીન મખ્લુક છે.'' *– સૂરએ બય્યેનાત, આયત નં.૭*

* *મોઅમીનને સલામ :* પરવરદિગારે આલમ સૈયદુલ મુરસલીન(સ.અ.વ.)ને મોઅમીનનો એહતેરામ કરવાનો હુકમ આપે છે. સૂરએ શોઅરાઅમાં આયત નં.૨૧૫માં અલ્લાહતઆલા ફરમાવે છે, ''**વખ્ફીઝ જનાહક લેમનીતબક મેનલ મોઅમેનીન**'' એટલે કે ''અને જે મોઅમેનીન તમારી પૈરવી કરે છે તેમની સામે તમારા બંને ખભા જુકાવો.'' અને પછી રસૂલે આઝમ(સ.અ.વ.)ને આ મુજબ હુકમ આપ્યો કે ''**વ એઝા જાઅકલ લઝીન મુઅમેનુન બે આયાતેના ફકુલ સલામુન અલયકુમ**'' એટલે કે ''જે લોકો અમારી આયત ઉપર ઈમાન લાવે છે અને તમારી પાસે આવે તો તમે સલામુન અલયકુમ કહો.'' *– સુરએ અન્આમ, આ.૫૪*

* *હકીકી ઈજ્ઝત:* અલ્લાહ તઆલાએ પોતાને મોઅમીનોના દોસ્ત અને મદદગાર કહ્યા છે. અલ્લાહે મોઅમેનીનને હકીકી ઈઝ્ઝત આપીને પોતાના પયગંબર(સ.અ.વ.)ની સાથે તેમનો ઝિક્ર કર્યો છે. અલ્લાહ કુરઆને મજીદમાં ફરમાવે છે, ''**વલીલ્લાહીલ ઈઝ્ઝતો વલે રસૂલેહી વ લીલ મોઅમેનીન**'' એટલે કે ''ઈઝ્ઝત તો ખાસ ખુદા, તેમના રસૂલ અને મોઅમેનીનની માટે છે.'' *– સૂરએ મુનાફેકુન, આ.૮*

* *અલ્લાહની રહેમત :* પરવરદિગારે આલમે પોતાની રહેમતને મોઅમેનીન માટે વાજિબ કરી દીધી છે. જેવી રીતે કે સુરએ અન્આમ, આ.૫૪માં પરવરદિગારે આલમ ઈરશાદ ફરમાવે છે કે ''**કતબ રબ્બકુમ અલા નફસેહીર્રહમા**'' એટલે કે ''તમારા પરવરદિગારે મોઅમેનીન માટે રહેમત પોતાની ઉપર લાઝીમ કરી દીધી છે.''

* *મોઅમીનની જાન-માલ :* સુરએ તૌબા આયત નં.૧૧૧ માં અલ્લાહતઆલા ફરમાવે છે કે ''**ઈન્નલ્લાહ હશતરા મેનલ મોઅમેનીન અનફોસહુમ વ અમવાલોહુમ**'' એટલે કે ''બેશક અલ્લાહે ઈમાનવાળાઓથી તેમની જાન અને માલને જન્નતના બદલે ખરીદી લીધી છે.''

* *મોઅમીનને મેણા મારવા :* હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું કે ''**બેશક ખુદાવંદે આલમે મોઅમેનીનને પોતાની બુઝુર્ગી અને પોતાની તાકતના નમૂના બનાવીને પૈદા કર્યા. જેણે મોઅમીન પર મેણા માર્યા અથવા તેની વાતને નકારી કાઢી તો સમજી લો કે તેણે અલ્લાહતઆલાના કોલને રદ કરી નાખ્યો છે.**''

*– વસાએલ કિતાબે હજ બાબ-૧૫૯, જિલ્દ.૮*

* *મોઅમીનનો હક :* હઝરત મૂસા કાઝીમ(અ.સ.)એ કાબાએ મોઅઝ્ઝમની સામે ઉભા રહીને ફરમાવ્યું, ''**અય કાબા તારો હક કેવી રીતે અઝીમ છે, ખુદાની કસમ! મોઅમીનનો હક તારા હકથી પણ બુઝુર્ગતર છે.**''

*– સફીનતુલ બેહાર, જિ.૧, પેજ નં.૨૯૦*

* *મોઅમીનને હકીર સમજવો :* હઝરત ઈમામ જાફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યું કે, ''**જે કોઈ પણ મોઅમીનને ગુરબત દ્વારા હકીર અને ઝલીલ સમજશે તો અલ્લાહ તેને કયામતમાં લોકો સામે રૂસ્વા કરી દેશે.**''

* *કયામતમાં મોઅમીનને સતાવનારનો હશ્ર :*

આપ(અ.સ.)આ પણ ફરમાવે છે કે "જયારે કયામતનો દીવસ આવશે તો મુનાદી અવાજ આપશે કે મારા દોસ્તોથી મોઢું ફેરવવાવાળા ક્યાં છે? આ વાત ઉપર થોડા લોકો ઉભા થઈ જશે જેમના ચહેરા ઉપર ગોશ્ત નહી હોય અને કહેવામાં આવશે કે આ તે લોકો છે જેઓએ મોઅમેનીનને સતાવ્યા છે, તેમનો મજાક ઉડાવ્યો છે, તેમનાથી દુશ્મની કરી છે અને તેમના દિનના થકી તેમના ઉપર સખ્તી કરી છે. હવે તેના પછી હુકમ કરવામાં આવશે કે તેને દોઝખમાં નાખી દયો." *– કાફી, જિ.૨, પેજ નં.૩૫૨*

* *મોઅમીનના ઐબ :*

સૂરએ હુજરાત આ.૧૧માં અલ્લાહતઆલા ફરમાવે છે કે, "અય ઈમાન લાવનારાઓ! તમારા એક ગિરોહનો મર્દ બીજા ગિરોહના મર્દની હસી ન ઉડાવે. હોય શકે છે કે મજાક ઉડાવનાર કરતાં ખુદાની નઝદિક તે બહેતર હોય કે જેનો મજાક ઉડાવવામાં આવે, અને ન ઔરત પણ બીજી ઔરતોની મજાક ઉડાવે શાયદ તે તેનાથી બેહતર હોય અને ન આપસમાં એકબીજાને મેણા ન મારો અને એકબીજાનું ખરાબ નામ ન રાખો. એટલે કે પોતાના હમ મઝહબ લોકોનો મજાક ન ઉડાવો. દરેક મોઅમીન એક નફસની જેમ છે એટલા માટે બીજાનો ઐબ કાઢવો તે પોતાનો ઐબ કાઢવા બરાબર છે અને એકબીજાને ખરાબ અલ્કાબથી ન બોલાવો."

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ ફરમાવ્યું કે, "તે અમલ જે ઈન્સાનને કુફ્રની વધારે નજીક કરે છે તે આ છે કે પોતે કોઈ શખ્સને પોતાનો દીની ભાઈ તો સમજે પરંતુ તેના ઐબ અને ભૂલોને યાદ કરતો રહે કે જેથી એક દિવસ તેના ઐબ અને ભૂલો ઉપર લાનત કરે." *– કાફી, જિ.૨, પેજ નં.૩૫૪*

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું કે "અય તે લોકો કે જે ઝબાનથી તો ઈસ્લામ લાવ્યા છો, પરંતુ તમારા દિલમાં ખાલિસ ઈમાન હજી સુધી દાખલ થયું નથી. મુસલમાનોની મઝમ્મત ન કરો અને તેમના ઐબ ન ગોતો કેમ કે જે કોઈ તેમનો ઐબ તલાશ કરશે ખુદા તેમનો ઐબ તલાશ કરશે અને જેમનો ઐબ

ખુદા તલાશ કરશે તેને તે ઝલીલ અને રૂસ્વા કરી દેશે ચાહે તેણે તે કામ ઘરમાં જ કેમ ન કર્યુ હોય.''
*– કાફી, જિ.૨, પેજ નં.૩૫૬*

મોહમ્મદ બિન ફુઝૈલે ઈમામ મૂસા ઈબ્ને જાફર(અ.સ.)ને કહ્યું કે ''હું આપની ઉપર કુરબાન થાઉ. હું મારા મોઅમીન ભાઈના બારામાં એવી વાત સાંભળું કે જે ખરાબ છે અને તે મર્દ માટે સારી નથી લાગતી. તેના પછી હું મારા ભાઈને સવાલ કરૂં કે મેં તમારા બારામાં આવી વાત સાંભળી છે, શું તે સાચી છે? તો તે કબૂલ નથી કરતો. જયારે કે મને ભરોસેમંદ લોકોએ તે વાત જણાવી હતી.'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું કે ''અય મોહમ્મદ! **પોતાના ભાઈના બારામાં પોતાની આંખ અને કાનને ખોટા સમજો એટલે તે કહીને વાતને પૂરી કરો કે મારી આંખે ખોટું જોયું છે અને મારા કાને ખોટું સાંભળ્યું છે. અગર પચાસ લોકો પણ તમારા ભાઈના બારામાં કોઈ વાત કહે અને તમારો ભાઈ ઈન્કાર કરે તો તમે તમારા ભાઈને સાચો સમજો. તે લોકો (પચાસ વ્યક્તિઓ)ને જુઠલાવો એટલે કે તે કહો કે તેમનાથી ભૂલ થઈ છે અને તે વાત જાહેર ન કરો જેના વડે તમે તમારા ભાઈને દાગદાર અને બેઈઝ્ઝત કરી શકો છો. કેમ કે તમે એવી રીતે કરશો તો તમારી ગણતરી તે લોકોમાં થશે જેઓના બારામાં અલ્લાહતઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે કે તે લોકો કે જે ખરાબ વાત મોઅમેનીનની દરમ્યાન ફેલાવવી પસંદ કરે છે તેમના માટે દુનિયા અને આખેરતમાં દર્દનાક અઝાબ છે.**
*– વસાએલ બાબે હજ, જિ.૭, પેજ નં.૬૦૯*

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે કે, ''**જે કોઈ પોતાના ભાઈના ઐબ તલાશ કરે અને તેના છુપા ઐબને જાહેર કરવા ક્યાંય નીકળે તો તે આ રસ્તામાં જે પહેલું પગલું ઉપાડશે તે દોઝખમાં રાખશે અને કયામતમાં ખુદા દરેક લોકોની સામે તેના છુપાએલા ઐબને જાહેર કરી આપશે.**''

પરવરદિગારે આલમ આપણને દરેકને આ તોફીક ઈનાયત ફરમાવે કે આપણે એકબીજાની ઈઝઝત અને હુરમતને સમજીએ અને એકબીજાનો એહતેરામ કરીએ.

**અલ્લાહુમ્મ અજ્જીલ લે વલીય્યેકલ ફરજ.**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com